# એક પ્રબોધક બીજાને શિક્ષણ આપે છે કે દેવની સેવા કઈ રીતે કરવી.

**પ્રાર્થના :** સ્વર્ગીય પિતા, આ બાળકો બીજા બાળકોને ખ્રિસ્તના સારા અનુયાયી બનાવે માટે આ અભ્યાસનો ઉપયોગ કરો.

બાળકોની જરૂરિયાત અને સ્થાનિક રસમ અનુસાર પ્રવૃત્તિઓ પસંદ કરો.



એલીયાહે પોતાનો અધિકાર એલીશાને આપ્યો તે **વાર્તા ૨ રાજા ૨ : ૧-૧૫ માંથી સમજાવો.**

- કોઈ મોટા બાળકને આ વાર્તા વાંચી જવા અથવા મોઢે કહી જવા તૈયાર કરો.
- એલીયાહે કેવી રીતે પોતાનું કાર્ય જુવાન પ્રબોધક એલીશાને સોંપ્યું તે આ વાર્તા બતાવે છે તે પ્રથમ સમજાવો.
- તેજ પ્રમાણે બાળકોએ પણ પોતે ઈશ્વર વષે જે શિખે છે તે બીજા બાળકોને પહોંચાડવું જોઈએ.

આ પ્રશ્નો પૂછો. જો બાળકો સાચા જવાબો આપી ન શકે તો જ તમે આપો.

- પોતાના ગુરૂને જે થવાનું હતું તે બાબતે એલીશા કેટલી ચિંતા કરતો હતો ? *(એલીશા પોતાના વૃધ્ધ ગુરૂને એકલા જવા દેવા માંગતો ન હતો.)*
- શું એલીશા જાણતો હતો કે તેનો ગુરૂ તેની પાસેથી લઈ લેવાવાનો હતો ? *(જુઓ ક.૩)*
- એલિયાહે પોતાના શિષ્યને પૂછેલો છેલ્લો પ્રશ્ન શો હતો ? (ક.૯)
- એલિશા એલિયાહ પાસેથી શું મેળવવા માંગતો હતો ? (ક.૯)
- એલિયાહ કઈ રીતે સ્વર્ગમાં લઈ લેવાયો ? (ક. ૧૧)
- જ્યારે પોતાનો ગુરુ તેનાથી છૂટો પડ્યો ત્યારે એલીશાને કેવી લાગણી થઈ ? (ક.૧૨)
- એલીશા ઘણો દુઃખી હતો. પ્રાચીન ઈસ્ત્રાએલમાં ઈસ્ત્રાએલીઓ પોતાનું દુઃખ વ્યક્ત કરવા માટે કપડાં ફાડતા હતા.



અગ્નિના ભડકા નીકળતા રથનું મોટું પણ સરળ **ચિત્ર દોરો**. બાળકો તે ચિત્રની કોપી કરે અને જો અનુકૂળ હોય તો તેમાં રંગ પૂરે. આ કાર્યમાં મોટા બાળકો નાનાઓની મદદ કરે.

એલિયાહ અને એલીશાની વાર્તાનું **નાટક** કે તેના ભાગો સભાજનો માટે તૈયાર કરો. સભાના આગેવાન પાસે તેની રજુઆત કરવાની ગોઠવણ કરો. એલિયાહ માટે એક ઝભ્ભો તૈયાર કરો અભ્યાસના સમયે તૈયારી કરો.

- **મોટા બાળકો એલિયાહ** અને **એલીશાના** પાત્રો ભજવે.
- નાના બાળકો એલિયાહના શિષ્યોના પાત્રો ભજવે.

**ઉદ્ઘોષક** : વાર્તાનો પ્રથમ ભાગ-૨ રા. ૨:૧-૭ પ્રમાણે કહે પછી બોલે, સાંભળો, એલિયાહ પોતાના શિષ્ય એલીશાને શું કહે છે.

**એલીયાહ** : એલીશા સાથે ચાલે છે અને વાત કરે છે, ‘‘એલીશા, હવે મારે છૂટા પડવાનો સમય આવ્યો છે. તું અહીં જ રહે.’’

**એલીશા** : ‘‘ના, હું છેવટ સુધી તમારી સાથે જે રહીશ’’

**એલીયાહના શિષ્યો :** એક બાજુ ઊભા રહે છે એક કહે છે, ‘એલીશા, અમે પ્રબોધકો છીએ. અમે જાણીએ છીએ કે તારા ગુરૂને આજે સ્વર્ગમાં જવાનું છે. તેમનું કામ કોણ ચાલુ રાખશે?’

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો બીજા ભાગ કલમ ૮-૧૪ પ્રમાણે કહે છે, પછી બોલે ‘એલિયાહ એલીશાને શું કહે છે તે સાંભળો.’

**એલિયાહ** : પોતાનો ઝભ્ભો જમીન પર પછાડે છે અને બોલે છે, ‘દેવે નદીના ભાગ પાડી દીધા છે ચાલો, સામે પાર જઈએ.’ (તે અને એલીશા સાથે ચાલે છે.) “હું જાઉં તે પહેલાં તારે માટે શું કરી શકું ?”

**એલીશા** : તમારા ગયા પછી તમારું કામ ઉપાડી લેવા માટે દેવનું સામર્થ્ય હું ચાહું છું.

**એલિયાહ** : જો તું મને સ્વર્ગમાં જતો જોઈશ તો મારું કામ ચાલુ રાખવામાં દેવ તારી મદદ કરશે.

(પછી તે ઝભ્ભો જમીન પર પછાડે. એક ખુરશી પર તે ચઢી જાય અને આકાશ તરફ પોતાના હાથ ઉંચા કરે.)

**એલીશા** : “મારા પિતા, હું તમને અગ્નિરથમાં આકાશમાં ચઢતા જોઉં છું.” તે થોડી વાર ઊંચે જોઈ રહે છે પછી તે ઝભ્ભો ઉઠાવે છે અને પ્રબોધકોના જૂથ તરફ આગળ વધે છે. તે ઝભ્ભો જમીન પર પછાડે છે.

**એલીયાહના શિષ્યો :** બધા હોકારો કરે, “જુઓ તેણે નદીના બે ભાગ કરી નાખ્યા.”

તેમાંનો એક પ્રબોધક બોલે છે. ‘દેવના આત્માએ એલિયાહ પાસે જે સામર્થ્ય હતું તે જ એલીશાને આપ્યું છે.”

**ઉદ્‌ઘોષક** : ભાગ લેનાર સહુનો આભાર માને છે.

**જો બાળકો** મોટાઓ આગળ આ નાટક રજુ કરે તો એલીયાહ અને એલીશાની વાર્તાના પ્રશ્નો તેમને પૂછવા દો.

બાળકોને **સમજાવો.** પ્રાચિન કાળમાં, જ્યારે પ્રભુ ઈસુ પૃથ્વી પર આવ્યા ન હતા, તેવા સમયમાં એલિયાહ દેવની આધિનતામાં આવવાનું શિક્ષણ આપીને લોકોને શિષ્યો બનાવતો હતો. અત્યારે પ્રભુ ઈસુ આપણને તેની આજ્ઞા પાળનાર શિષ્યો બનાવવાનું કહે છે. બાળકોને પૂછો.

- આપણે કઈ રીતે બીજા બાળકોને ખ્રિસ્તની આધિનતામાં આવવા માટે મદદ કરી શકીએ ?
- તમારે ભાઈઓ, બહેનો કે મિત્રો છે જેઓને તમે ખ્રિસ્તની સેવા કરવા માટે શિક્ષણ આપી શકો ?

**અધિકારના ઝભ્ભાની સોંપણી બીજાઓને કરો.**

- બાળકો માટે એક ઝભ્ભાનું ચિત્ર દોરો.
- એક બાળક એલિયાહ બને બીજુ એક એલીશા બને.
- એલિયાહના હાથમાં ઝભ્ભાનું ચિત્ર આપો અને કહો કે તે દેવનો અધિકાર સૂચવે છે. તેને કહો કે બીજાઓને ખ્રિસ્ત વિષે કહેવા અને તેમની સેવા કરવા માટે દેવ તરફ થી તમને અધિકાર મળ્યો છે.

હવે **સમજાવો**, ‘દેવના અધિકાર બાબતે આપણે સ્વાર્થી નથી. આપણે શિષ્યો બનાવીએ તેનો અર્થ એ થાય કે દેવનો અધિકાર અને વચન આપણે બીજા બાળકોને સોંપીએ છીએ.’ પછી જે બાળક એલીયાહ બન્યો છે તેને ઝભ્ભો એલીશાને સોંપવાનું (ખભા ઉપર પહેરાવવાનું) કહો.



- બાળકોને ઝભ્ભાનું ચિત્ર દોરવાનું કહો. આ ચિત્રો ભજનસેવામાં પ્રદર્શિત કરવાના છે.
- બાળકો મોટાઓને આ બાબત સમજાવે કે જેમ એલિયાહે પોતાનો ઝભ્ભો એલીશાને આપ્યો તેમ આપણે દેવનું સામર્થ્ય અને ભલાઈ બીજા લોકોનેપહોંચાડવાની છે.

યોહાન ૨૦ : ૨૧ **મુખપાઠ કરો.**

ત્રણ બાળકો ગી. ૩૯ માંથી ૪,૫ અને ૭ કલમો મોઢે બોલી જાય.

બાળકો સાથે **પ્રાર્થના કરો.**

'વહાલા પ્રભુ દરેક બાબતમાં તમને આધિન થનાર શિષ્યો બનાવવાનું તમે અમને કહ્યું છે. તમને આધિન થવામાં મદદરૂપ થવા તમે અમને તમારો આત્મા અને તમારૂં વચન આપ્યું છે તમારા સારા શિષ્યો થવા માટે અમારી સહાય કરો. બીજાઓને ખ્રિસ્તની સુવાર્તા આપવા માટે અમારી સહાય કરો જેથી તેઓ પણ તમારા શિષ્યો બને.'

Copyright © 2004 by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timothy.net.